Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science
ISSN: 2279 - 0241
Continuous issue-21 | April - May 2016

# તરુણો ના કૌટુંબિક સમાયોજન નો અભ્યાસ

**સારાંશ**

તરુણો(યુવક-યુવતીઓ)માં કૌટુંબિક સમાયોજન છે કે નહિ એ પધ્ધતિશાસ્ત્રની દ્રષ્ટિએ જાણવા માટે પ્રસ્તુત સંશોધન કરવામાં આવ્યું. જેના અનુસંધાનમાં ઘોઘંબા શહેરની બે જુદી-જુદી ઉચ્ચ માધ્યમિક શાળાઓના ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં કુલ ૧૨૫ વિધાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં ૫૯ યુવકો અને ૬૬ યુવતીઓની સાદા યદ્રુચ્છ નિદર્શનની પધ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી. એકત્રિત કરેલ માહિતીનું ગાણિતિક વિશ્લેષણ “ટી” કસોટીના આધારે કરવામાં આવ્યું. “ટી” ગુણોત્તર ૫.૩૯ પ્રાપ્ત થાય છે જે 0.0૧ કક્ષા એ સાર્થક છે. અર્થાત કૌટુંબિક સમાયોજનની બાબતમાં યુવકો અને યુવતીઓ વચ્ચે તફાવતો છે. વિગતવાર અને વિસ્તૃત પરિણામો સંશોધન પેપરની પરિણામ ચર્ચામાં દર્શાવવામાં આવ્યા છે.

**પ્રસ્તાવના:**

સમાયોજન શબ્દ ડાર્વિન (૧૮૫૯) ના ઉત્ક્રાંતિવાદમાંથી લેવામાં આવ્યો છે.ડાર્વિને અનુકૂલન(Adaptation)શબ્દ પ્રયોજ્યો હતો તેની જગ્યાએ મનોવિજ્ઞાનમાં સમાયોજન(Adjustment) શબ્દ વધુ પ્રચલિત બન્યો છે.પૃથ્વી ઉપરનો પ્રત્યેક જીવ માત્ર સુખના સર્વોતમ શિખરો પર પહોંચવાનો પ્રયત્ન કરે છે. જેના માટે તેને સૌ પ્રથમ આસપાસના ભૌતિક વાતાવરણ સાથે સમાયોજન સ્થાપિત કરવું પડે છે.

વાતાવરણ સાથેનું પૂર્ણ સમાયોજન તેને સુખની ચરમસીમા પ્રાપ્ત કરાવે છે. જીવનને વધુ અર્થપૂર્ણ બનાવવાને માટે જીવતરના પ્રત્યેક તબક્કે સમાયોજિત થવા માટેના પ્રયત્નો અવિરત ચાલુ રાખવા પડે છે. તેથી આ અર્થમાં જ સમાયોજનને સતત ચાલતી પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. જેનો અર્થ જરૂરિયાતોના અંતની સાથે જ સમાયોજનની પ્રક્રિયાનો પણ અંત આવે છે. એટલે કે માનવી જીવન પર્યન્ત, આજીવન સતત સમાયોજિત થતો રહે છે, અથવા રહેવું પડે છે.

મનોવૈજ્ઞાનિક લેહનર અને ક્યૂબે(૧૯૯૬) સમાયોજનને વિસ્તૃત રીતે સમજાવવા માટે સમાયોજનની વિવિધ વ્યાખ્યાઓ પોતાના પુસ્તકમાં નીચે પ્રમાણે આપેલી છે.

“સમાયોજન એટલે પોતાની જરૂરિયાતોના સંતોષ અને પોતાના વાતાવરણ વચ્ચે સમાયોજન સાધવાના વ્યક્તિના પ્રયત્નોની અસરકારકતા”.

----જેમ્સ કોલમેન.

“સમાયોજન એ વ્યક્તિ અને તેના વાતાવરણ વચ્ચે સુમેળ ની પ્રક્રિયા છે”.

----સોરેન્સન અને મામ.

"સમાયોજન એક એવી પ્રક્રિયા છે કે જેના વડે વ્યક્તિ પોતાની જરૂરિયાતો અને જરૂરિયાત તૃપ્તિ ઉપર અસર કરનારા સંજોગો વચ્ચે સમતુલા સ્થાપે છે".

----બોરિંગ લેંગફિલ્ડ.

ઉપરોક્ત દર્શાવેલી સમાયોજન અંગેની વિવિધ વ્યાખ્યાઓ માંથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિ એ પોતાની જરૂરિયાતોને સંતોષવાને માટે વાતાવરણ સાથે સતત આંતરક્રિયા કરવી પડે છે અને જરૂર પડે પોતાની જાતમાં અથવા તો વાતાવરણમાં જરૂરી આવશ્યક ફેરફારો કરવા પડે છે. સંતોષપ્રદ સમાયોજનનો આધાર વ્યક્તિની વાતાવરણ સાથેની સફળ આંતરક્રિયા ઉપર છે. આવી આંતરક્રિયા જેટલી સફળ થાય તેટલું સમાયોજન સફળ અને સંતોષકારક બને છે.

મનોવૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે માનવીય સમાયોજનનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ અને વ્યાપક છે. માનવી જન્મ થી શરૂ કરીને જીવનના અંત સુધી જુદા-જુદા અનેક ક્ષેત્રો માંથી પસાર થાય છે. તે પ્રત્યેક માંથી સુખ અને સંતોષ મેળવવાને માટે અનિવાર્યપણે સમાયોજન સાધવું પડે છે. માનવીય સમાયોજનના કેટલાક મુખ્ય ક્ષેત્રો આ પ્રમાણે છે.

(૦૧) કૌટુંબિક સમાયોજન

(૦૨) શાળા અને કોલેજમાં સમાયોજન

(૦૩) વ્યવસાયમાં સમાયોજન

(૦૪) લગ્ન જીવનમાં સમાયોજન

(૦૫) વૃધ્ધાવસ્થામાં સમાયોજન

પ્રસ્તુત સંશોધનમાં સમાયોજનના મુખ્ય ક્ષેત્રો માંથી કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવામાં આવ્યો છે. બાળકનો જન્મ, ઉછેર અને તેનો વિકાસ કુટુંબમાં થાય છે. બાળકની સૌ પ્રથમ આંતરક્રિયા તેની માતા સાથે થાય છે. કુટુંબમાં ઉછેર પામતા બાળકનું કૌટુંબિક સમાયોજન અને ત્યારપછીના અન્ય સમાયોજનો તે સફળતા પૂર્વક સ્થાપી શકશે કે નહિ તેનો આધાર માતા-પિતા અને અન્ય કુટુંબીજનો તેની સાથે કેવા પ્રકારની આંતરક્રિયા કરે છે તેના ઉપર છે. બાળકને માતા-પિતા અને અન્ય કુટુંબીજનો તરફથી મળતો બિન-શરતી સ્નેહ, મુક્ત અને નિખાલસ વાતાવરણ તેના કૌટુંબિક સમાયોજન માટે આવશ્યક છે.

મનોવૈજ્ઞાનિક લેહનર અને ક્યૂબ બાળકના સ્વસ્થ સમાયોજનને માટે મા-બાપ અને બાળક વચ્ચે મુખ્યત્વે વિધાયક આંતરક્રિયાને જવાબદાર ગણાવે છે. જેમાં નીચે પ્રમાણે અગત્યની ચાર બાબતોનો સમાવેશ કરે છે.

(૦૧) બાળકનો બિન-શરતી સ્વીકાર.

(૦૨) સંવેદનશીલતા.

(૦૩) રચનાત્મક વલણ.

(૦૪) નિયંત્રણ ની બુદ્ધિયુક્ત રીતો.

વિનોદકુમાર શર્મા(૨૦૧૩) એ કોલેજમાં અભ્યાસકર્તા છોકરા-છોકરીઓની વચ્ચે ચિંતા અને સમાયોજનના સંદર્ભમાં તુલનાત્મક અભ્યાસ કર્યો હતો, જેમાં છોકરાઓની તુલનામાં છોકરીઓનું કૌટુંબિક સમાયોજન વધુ સારું જોવા મળ્યું.

રેખાબેન વાઘેલા(૨૦૧૩) એ પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના શિક્ષકો વચ્ચે તેમના કૌટુંબિક સમાયોજન બાબતે અભ્યાસ કર્યો હતો, જેમાં તેમને માધ્યમિક શાળાના શિક્ષકોની તુલનામાં પ્રાથમિક શાળાના શિક્ષકોનું કૌટુંબિક સમાયોજન વધુ સારું જોવા મળ્યું.

ડૉ. પ્રમોદકુમાર(૨૦૦૮) એ શહેરી અને ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાના વિધાર્થીઓ વચ્ચે તેમના કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ કર્યો હતો, જેમાં તેમને શહેરી અને ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળાના વિધાર્થીઓ વચ્ચે ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવતો જોવા મળ્યા. અર્થાત ગ્રામીણ વિસ્તારના વિધાર્થીઓની તુલનામાં શહેરી વિસ્તારના વિધાર્થીઓનું કૌટુંબિક સમાયોજન વધારે સારું જોવા મળ્યું, જેના કારણોમાં તેમણે જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારના વિધાર્થીઓની તુલનામાં શહેરના વિધાર્થીઓને વધુ સારું સ્થળ, ભૌતિક અને કૌટુંબિક વાતાવરણ, અભ્યાસની તકો, સંદેશાવ્યવહારની સગવડો તેમજ અન્ય સાધનો ઉપલબ્ધ થાય છે. સાથે-સાથે સદર સંશોધનમાં અન્ય એક પરિવર્ત્ય, વિધાર્થીઓની ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિઓની પણ કૌટુંબિક સમાયોજન ઉપર થતી અસર તપાસવામાં આવી, જેમાં ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવતો જોવા મળ્યા. જે દર્શાવે છે કે નિમ્ન શૈક્ષણિક સિદ્ધિઓવાળા વિધાર્થીઓની તુલનામાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓવાળા વિધાર્થીઓનું કૌટુંબિક સમાયોજન વધુ સારું અને સ્વસ્થ જોવા મળે છે. એટલે કે ઊચી અને સારી શૈક્ષણિક લાયકાતો કૌટુંબિક સમાયોજન પ્રાપ્ત કરવામાં, અથવા તેને સુધારવામાં અને વધારવામાં મદદરૂપ બને છે.

કાથીરા મોહમદ હાફિઝ(૨૦૦૮) એ ઉચ્ચ અને નિમ્ન બુદ્ધિવાળા વિધાર્થીઓ વચ્ચે તેમના કૌટુંબિક સમાયોજન સંદર્ભે અભ્યાસ કર્યો હતો, જેમાં ૦.૦૧ કક્ષાએ સાર્થક તફાવતો જોવા મળ્યા હતા, એટલે કે નિમ્ન બુદ્ધિલબ્ધિવાળા વિધાર્થીઓની તુલનામાં ઉચ્ચ બુદ્ધિલબ્ધિવાળા વિધાર્થીઓનું કૌટુંબિક સમાયોજન વધુ સારું જોવા મળ્યું. જે દર્શાવે છે કે કૌટુંબિક સમાયોજન સ્થાપિત કરવામાં બુદ્ધિ અસરકારક ભૂમિકા ભજવે છે.

દીપ્તિ મહેતા(૨૦૧૩) એ કેળવણીની સ્નાતક (B.Ed.) કોલેજમાં અભ્યાસ કરતાં છોકરા-છોકરીઓ વચ્ચે કૌટુંબિક સમાયોજન છે કે નહિ તે જાણવા માટેનો અભ્યાસ કર્યો હતો, જેમાં જોવા મળ્યું કે કૌટુંબિક સમાયોજનની બાબતમાં છોકરા-છોકરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવતો નથી. એટલે કે તેમની વચ્ચે કોઈ જાતિગત ભિન્નતાઓ નથી. અર્થાત તેમના સંશોધનનો સારાંશ એ છે કે છોકરા-છોકરીઓ સમાન રીતે કૌટુંબિક સમાયોજન સાધે છે.

**સંશોધનના હેતુઓ:**

(૦૧) છોકરાઓમાં કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવો.

(૦૨) છોકરીઓમાં કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ કરવો.

**નિદર્શ:**

પ્રસ્તુત સંશોધન માટે ઘોઘંબા શહેરની બે જુદી-જુદી ઉચ્ચ માધ્યમિક શાળાઓના ધોરણ=૧૧ અને ધોરણ=૧૨ માં અભ્યાસ કરતાં કુલ ૧૨૫ વિધાર્થીઓ નો સમાવેશ કર્યો હતો, જેમાં ૫૯ યુવકો અને ૬૬ યુવતીઓની સાદા યદ્રુચ્છ નિર્દશનની પદ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી.

માહિતી એકત્રિત કરવા માટેનું સાધન:

ડૉ. પ્રમોદકુમાર દ્વારા તૈયાર કરવામાં આવેલ પુનઃસંશોધિત કૌટુંબિક સમાયોજન સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં કુલ ૪૦ પ્રશ્નોના “હા” કે “ના” માં ઉત્તરો આપવાના હતા. સદર સંશોધનીકાની ૦.૦૧ સાર્થકતાની કક્ષાએ વિશ્વસનીયતાનો આંક ૦.૮૬ અને યથાર્થતાનો આંક ૦.૭૧ પ્રાપ્ત થયો હતો.

ઉત્કલ્પના:

“કૌટુંબિક સમાયોજનની બાબતમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવતો નથી”.

**પધ્ધતિ:**

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસકર્તા વિધાર્થીઓને નાના-નાના જૂથોમાં વહેંચીને તેમની સાથે સૌ પ્રથમ તાદાત્મ્ય સ્થાપિત કરવામાં આવ્યું. ત્યારબાદ તેમને સંશોધનનું પ્રાથમિક મહત્વ અને તેની જરૂરિયાતો સમજાવીને પ્રેરિત કરવામાં આવ્યા, જેથી તેઓ પ્રમાણિકપણે સાચા પ્રતિભાવો આપે. ત્યારબાદ તેમને જે પ્રકારની કામગીરી કરવાની હતી તે અંગેની સૂચનાઓ સાદી અને સરળ ભાષામાં આપવામાં આવી. તેમને જણાવવામાં આવ્યું કે પ્રત્યેક વિધાનનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને તમારી વ્યક્તિગત બાબતમાં તમને જે સાચો ઉત્તર જણાય તેની સામે “હા” કે “ના” ઉપર ટીકમાર્ક દ્વારા પ્રતિભાવો જણાવે. ત્યારબાદ પ્રયોજ્યોના પ્રત્યેક ઉત્તરપત્રમાંથી સાચા પ્રતિભાવોની ગણતરી કરીને કાચા પ્રાપ્તાંકો ઉપરથી આંકડાશાસ્ત્રીય ગણતરી દ્વારા મધ્યક, પ્રમાણિત વિચલન અને “ટી” ગુણોત્તર શોધવામાં આવ્યો.

પરિણામની રજૂઆત:

આંકડાશાસ્ત્રીય કસોટીઓના મુખ્યત્વે બે વિભાગો છે.

(૦૧) પ્રાચલીય કસોટીઓ

(૦૨) અપ્રાચલીય કસોટીઓ

પ્રસ્તુત સંશોધનમાં “ટી” કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે પ્રાચલીય કસોટીઓનો એક પેટા પ્રકાર છે. પ્રાચલીય કસોટીઓનો ઉપયોગ કરતાં પહેલા તેની કેટલીક પૂર્વ શરતો છે, જે પરિપૂર્ણ થાય ત્યારેજ પ્રાચલીય કસોટીઓ વાપરી શકાય છે. જેમકે,

(૦૧) મેળવવામાં આવેલો નિદર્શ સાધારણ સંભાવનાના વક્રાલેખ પ્રમાણેનો હોવો જોઈએ.

(૦૨) માહિતી(Data) મધ્યાંતરલક્ષી તુલા(Interval Scale) દ્વારા મેળવાયેલી હોવી જોઈએ.

(03) નિદર્શ(Sample)મેળવવાની રીત યદ્રુચ્છ નિર્દશનની પદ્ધતિ પ્રમાણેની હોવી જોઈએ.

(૦૪) નિદર્શ(Sample)ની સંખ્યા 30 કે તેના કરતાં વધારે હોવી જોઈએ.

ઉપરોક્ત તમામ શરતો પ્રસ્તુત સંશોધનમાં પરિપૂર્ણ થાય છે, તેથી પ્રાચલીય કસોટી તરીકે “ટી” ગુણોત્તરનો ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં  આવ્યો. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ કરીને મેળવવામાં આવેલા પરિણામોની રજૂઆત નીચે પ્રમાણે છે.

**નિદર્શ ની માહિતી(Data) ના આધારે દોરેલો સાધારણ સંભાવનાનો વક્રાલેખ**




<u>**કોઠો**</u>

છોકરાઓ અને છોકરીઓના જૂથના મધ્યકો, પ્રમાણિત વિચલન અને “ટી” કસોટીની કિમતો

| ક્રમાંક | જૂથ | નિદર્શ | મધ્યક | પ્રમાણિત વિચલન | સ્વાતંત્ર્યની માત્રા | “ટી” કસોટીનું મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | છોકરાઓ | ૫૯ | ૩૨.૨૯ | ૬.૦૪ | ૧૨૩ | ૫.૩૯ | ૦.૦૧ |
| ૦૨ | છોકરીઓ | ૬૬ | ૨૫.૪૫ | ૭.૯૩ | | | |

**પરિણામ ચર્ચા:**

ઉપરોક્ત કોઠામાં જોતાં જણાય છે કે પુનઃસંશોધિત કૌટુંબિક સમાયોજન સંશોધનીકા ઉપર છોકરાઓ અને છોકરીઓના મધ્યકો અનુક્રમે ૩૨.૨૯ અને ૨૫.૪૫ છે, જયારે પ્રમાણિત વિચલન અનુક્રમે ૬.0૪ અને ૭.૯૩ પ્રાપ્ત થાય છે. જેનાથી પ્રતિપાદિત થાય છે કે છોકરીઓ કરતાં છોકરાઓ પ્રમાણમાં વધુ કૌટુંબિક સમાયોજન ધરાવે છે. અર્થાત તેઓ કૌટુંબિક સમાયોજનની બાબતમાં વધુ પરિપક્વ જણાય છે.

સંશોધક ને વિનોદકુમાર શર્મા(૨૦૧૩) ને મળેલા પરિણામો કરતાં વિરોધી પરિણામો પ્રાપ્ત થાય છે. તેમને છોકરાઓ કરતાં છોકરીઓનું કૌટુંબિક સમાયોજન વધુ જોવા મળ્યું.

દીપ્તિ મહેતા(૨૦૧૩) એ પણ છોકરા-છોકરીઓ વચ્ચેના સમાયોજનને જાણવાનો પ્રયત્ન કરેલો, જેમાં તેમને કૌટુંબિક સમાયોજનની બાબતમાં બંને વચ્ચે કોઈ જ પ્રકારનો તફાવત જોવા મળ્યો નથી. અર્થાત તેમના મત પ્રમાણે કૌટુંબિક સમાયોજનની બાબતમાં જાતિગત સમાનતા જોઈ શકાય છે.

પ્રસ્તુત સંશોધનમાં ૧૨૩ સ્વાતંત્ર્ય ની માત્રા એ "ટી" ગુણોત્તર ની કોઠામાં દર્શાવેલી કિંમત ૨.૩૨ છે જયારે ગણતરી દ્વારા મેળવાયેલો "ટી" ગુણોત્તર ૫.૩૯ પ્રાપ્ત થાય છે. જે કોઠા ની કિંમતો જોતા 0.0૧ કક્ષા એ સાર્થક છે. તેથી પૂર્વ રચિત ઉત્કલ્પના "કૌટુંબિક સમાયોજનની બાબતમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે કોઈ સાર્થક તફાવતો નથી" નો અસ્વીકાર કરવામાં આવે છે અને વૈકલ્પિક ઉત્કલ્પના ની રચના કરવામાં આવે છે કે "કૌટુંબિક સમાયોજનની બાબતમાં છોકરાઓ અને છોકરીઓ વચ્ચે સાર્થક તફાવતો છે". અર્થાત છોકરીઓની તુલનામાં છોકરાઓનું કૌટુંબિક સમાયોજન વધુ સારું છે.

## તારણો:

છોકરાઓના સંશોધનીકા ઉપરના પ્રાપ્તાંકોની સરેરાશ છોકરીઓ કરતાં વધારે છે જે દર્શાવે છે કે છોકરાઓમાં તુલનાત્મક રીતે કૌટુંબિક સમાયોજન વધારે છે, તેજ પ્રમાણે છોકરા-છોકરીઓ વચ્ચેનો "ટી" ગુણોત્તર 0.0૧ કક્ષા એ સાર્થક ઠરે છે, જેના આધારે એમ કહી શકાય કે કૌટુંબિક સમાયોજનની બાબતમાં છોકરા-છોકરીઓ વચ્ચે જાતિગત તફાવતો છે. અર્થાત બંને નું સમાયોજન સરખું નથી.

## સંદર્ભ સૂચિ:


- Darvin, Charies(1859). The origin of Species, Londan, J. Marray in La 7arus.
- Dipti Mehta(2013). "A study of Adjustment of B.Ed. college student".Gujarat Journal Of Psychology., Vol. No. 12, Issue No.16, Page : 22-23.
- KathiaraMohmedHafiza (2008). "Adjustment Patterns Of high and low Intelligence Students During Examination Periods". Gujarat Journal Of Psychology.,Vol. No. 26 & 27, Page : 65-68.
- Lehner and Kube (1996).DynamicsOf Personal Adjustment, Prentice Hall.
- Pramodkumar (2008)."A study of Adjustment among Urban and Rural Primary school Student". Gujarat Journal Of Psychology,Vol. No. 28. Page :84-86.

- RekhabenVaghela (2013). “Family Adjustment Of Teachers”. Gujarat Journal Of Psychology,Vol. No. 11, Issue No. 15, Page :94.
- સાર્થ ગૂજરાતી જોડણીકોશ, પુરવણી સહિતનું આઠમું પુનમુદ્રણ, ઓકટોબર, (૨૦૦૮). ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
- સુરેશ પારેખ અને દીક્ષીત(૧૯૯૫). “મનોવૈજ્ઞાનિક સંશોધનોમાં આંકડાશાસ્ત્રીય પરીક્ષણ”. ચંપા પ્રકાશન, જૂનાગઢ.
- Vinod Kumar Sharma(2013). “Anxiety and Adjustment Of College Student: A Comparison Between Male and Female”. Gujarat Journal Of Psychology,Vol. No.10, Issue No.14, Page :96-98.


******************************************************************************


પ્રો.ડૉ.ઇન્દ્રજીતસિંહ ઠાકોર.

એમ એન્ડ વી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ

હાલોલ. જિ-પંચમહાલ


Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat